PG VCL                    પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ                    PG VCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/કવા–૦૩/૧૬–૧૭/ ૧૧૨૨૪                                  તા. ૧૩/૧૨/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
આર.એ.રામાનુજ,
– શ્રી રાઘવ–,
ગાંધી સોસાયટી,
શેરી નં.–૦૭,
શાસ્ત્રીનગર પાછળ,
નાના મૌવા રોડ,
રાજકોટ
મો: ૯૮૨૪૨ ૮૮૭૭૩, ૯૧૭૩૧ ૫૮૧૮૧

**વિષય :–ટીસી ખસેડવા બાબત ના ભાવપત્રક બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૩–૧૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૩/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૩૩/કવા–૦૭/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૧૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: રામપ્રકાશ એ.રામાનુજ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી રામપ્રકાશ એ.રામાનુજ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

---

## : હુકમ :

**ફરીયાદ : ટીસી ખસેડવા બાબત ના ભાવપત્રક બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેમના રહેણાંક ના મકાન ના સ્થળ ના દરવાજા ની બીલકુલ સામે આવેલ, પીજીવીસીએલ નુ ટ્રાન્સફોર્મર, જે તેઓ શ્રી ને, તેમના ફોરવ્હીલ વેહીકલ ને, તેમના દરવાજા માથી બહાર કાઢતા સમયે, બીલકુલ સામે જ ઉભેલ હોય, વાહન ને ગતી થી તેમના મકાન ના દરવાજા માથી બહાર કાઢતી વખતે, વાહન ને ટ્રાન્સફોર્મર સાથે અથડાવવાનો સતત ભય રહેલ છે. આમ, આ ટ્રાન્સફોર્મર, જે તેમની શેરી મા, તેમના મકાન ના દરવાજા ની બરાબર સામેના છેડે ઉભેલ છે અને ખરેખર નડતરરૂપ છે. જેથી, સદર નડતરરૂપ એવા, હૈયાત ટ્રાન્સફોર્મર ને ખસેડવાની, ફરીયાદી અરજદાર શ્રી એ, અગાઉ પીજીવીસીએલ ની નાનામૌવા રોડ પેટા વિભાગીય કચેરી મા અરજી આપેલ હતી. પરંતુ, નાનામૌવા રોડ પેટા વિભાગીય કચેરી ના સબંધક અધિકારી તરફથી – '' સદર ટ્રાન્સફોર્મર, જે ખરેખર નડતરરૂપ હોવા છતા, નડતરરૂપ ન હોવા સબંધક – એમ સદર ટ્રાન્સફોર્મર, જે ખસેડવાની બાબત તાંત્રીક રીતે શકય ન હોવાનો '' તેઓ શ્રી ને, તા.૨૦–૦૬–૧૬ ના રોજ લેખીત પત્ર અપાયેલ છે. પરંતુ, અરજદાર શ્રી જણાવે છે કે, ખરેખર આ ટ્રાન્સફોર્મર નડતરરૂપ જ છે, જેથી, ફરી એક વખત, સદર ટ્રાન્સફોર્મર ની, નડતરરૂપ બાબત ની સ્થિતી ની ચકાસણી, જે પીજીવીસીએલ ની ઉચ્ચ કક્ષાની કચેરીએથી જવાબદાર એન્જીનીયર મારફત કરાવી અને ફરીયાદ ની યોગ્યતા ની ખાત્રી મેળવી, અને તે મુજબ નડતરરૂપ બાબત ને નિયત કરવા માટે, અરજદારે આ મુજબ ની કાર્યવાહી હાથધરવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | વિશેષ મા, ફરીયાદી અરજદાર શ્રી એ, તા.૧૬–૧૨–૧૬ ના રોજ ની ફોરમ કમિટી ની મીટીગ મા રૂબરૂ ઉપસ્થિત રહી અને ફોરમ કમિટી ને સાથે મૌખીક ચર્ચા કરી અને જણાવેલ છે કે, '' સદર ટ્રાન્સફોર્મર ખરેખર નડતરરૂપ જ છે. '' જેથી, સદર ટ્રાન્સફોર્મર, તેઓ શ્રી તેમના સ્વખર્ચે ખસેડવા માટે રાજીખુશી થી સંમત છે. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવવા મુજબ, સદર ટ્રાન્સફોર્મર જે શેરી મા હૈયાત છે, તે શેરી ના છેડે, એટલેકે હૈયાત ટ્રાન્સફોર્મર થી ૧૫૦ થી ૨૦૦ ફુટ દુરના અંતર સુધી, સદર ટ્રાન્સફોર્મર ની એલટી સર્કિટ લંબાયેલ છે, હૈયાત છે, અને એલટી સર્કિટ, જે શેરી ના છેડે પૂરી થાય છે. આ શેરી ના છેડે આવેલ અને એલટી સર્કિટ ના છેલ્લા પોઇન્ટ વાળી આ જગ્યા, જે કોઈને નડતરરૂપ પણ નથી. જેથી, સદર ટ્રાન્સફોર્મર ને, હૈયાત જગ્યા માથી, એલટી સર્કિટ ના છેડા પરની જગ્યા પર, શીફટીગ કરવા બાબતે ની પૂરી તાંત્રીક શકયતા છે. તદ ઉપરાંત, તેમના વિસ્તારના, હૈયાત એલટી ઈન્ફ્રાસ્ટ્રકચર ના અન્ય ટ્રાન્સફોર્મર પર, વિસ્તાર ના તમામ જોડાણો નો વીજભાર બેલેન્સ કરી અને લાદવા બાબતે ની કાર્યવાહી પણ, પીજીવીસીએલ માટે તાંત્રીક રીતે શકય છે. આમ થવાથી, તેમને નડતરરૂપ એવા સવાલવાળા ટ્રાન્સફોર્મર નો વીજભાર અન્ય ટ્રાન્સફોર્મર પર લાદતા, હૈયાત નડતરરૂપ ટ્રાન્સફોર્મર ની જરૂરીયાત પણ રહેતી ન હોય, સદર ટ્રાન્સફોર્મર કાયમી ધોરણે પણ શીફટીગ થઈ શકે તેમ છે. |
| ૧.૩ | આમ, ઉપરોકત મુદદા નં.૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે, તમામ બાબતો ને નજર સમક્ષ રાખીને, તેમને નડતરરૂપ એવા ટ્રાન્સફોર્મર શીફટીગ કરવાની કાર્યવાહી, જે અરજદાર શ્રી ના સ્વખર્ચે પીજીવીસીએલ મારફત હાથ ધરી શકાય તેવી પૂરી શકયતાઓ છે. જે શકયતાઓ ને ધ્યાને લઈને, અરજદાર શ્રી ના સ્વખર્ચે સદર ટ્રાન્સફોર્મર શીફટીગ કરવા માટે, અરજદાર શ્રી એ ફોરમ કમિટી સમક્ષ ભારપૂર્વક ની આગ્રહ ભરેલ વિનંતી કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના રહેણાંક ના સ્થળ ને નડતરરૂપ એવા, હૈયાત ટ્રાન્સફોર્મર ને ખસેડવાની અગાઉ પીજીવીસીએલ ની નાનામૌવા રોડ પેટા વિભાગીય કચેરી મા રજુ કરાયેલ એવી, અગાઉ ની પીજીવીસીએલ સમક્ષ ની અરજી ના અનુસંધાને, સબંધક એવી નાનામૌવા રોડ પેટા વિભાગીય કચેરી ના, સબંધક અધિકારી તરફથી, અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ, સદર ટ્રાન્સફોર્મર વાળી જગ્યા ની સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને, સ્થળ ચકાસણી કરવામા આવેલ હતી. આ ચકાસણી દરમ્યાન સબંધક અધિકારી ને જણાયા મુજબ, '' સદર ટ્રાન્સફોર્મર '' જે, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરના દરવાજા ની બરોબર સામે ઉભેલ છે. પરંતુ, ઘરને / ઘરના દરવાજા ને / ઘર ની દિવાલ ને / તેમજ, અરજદાર શ્રી ની મીલ્કત ને, બીલકુલ અડકીને – ઘરને / દરવાજા ને / મીલ્કત ને નડતરરૂપ થાય – તે મુજબ ઉભેલ નથી." પરંતુ, સદર ટ્રાન્સફોર્મર, જે ફરીયાદી અરજદાર શ્રી ના ઘરના દરવાજા ની બીલકુલ સામે, એટલેકે ઘરના દરવાજા થી ૨૫ ફુટ દુરના અંતરે જ, એટલેકે ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવાળી – ૩૦ ફુટ પહોળાઈ વાળી શેરીમા, ઘરના દરવાજા ની બીલકુલ વિરૂઘ્ધ દિશામા સામે ની સાઈડ મા ઉભેલ છે. એ જોતા, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર સવાલવાળુ ટ્રાન્સફોર્મર બીલકુલ નડતરરૂપ નથી. તે બાબત ની તાંત્રીક પૂર્તતાઓ સબંધક પેટા વિભાગીય કચેરી ના, જવાબદાર વડા ને થયેલ હતી. જેથી,સદર ટ્રાન્સફોર્મર ખસેડવાની બાબત પણ, જે નડતરરૂપ ન હોય, તેમજ તાંત્રીક રીતે પણ શકય ન હોય, તે મુજબ નો તા.૨૦–૦૬–૧૬ ના રોજ લેખીત પત્ર, સબંધક નાનામૌવા રોડ પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ છે. |
| ૨.૨ | તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી ના અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી તરફથી , ફોરમ કમિટી ની તા.૧૬–૧૨–૧૬ ની મીટીગ મા, રૂબરૂ ઉપસ્થિત રહી અને, ફરીયાદી શ્રી એ ફોરમ કમિટી સમક્ષ, તેમની ફરીયાદ ના મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે, મૌખક ચર્ચાઓ કરી અને, નડતરરૂપ ટ્રાન્સફોર્મર ખસેડવા બાબતે ની ચકાસણી ઉચ્ચ કક્ષાએથી જવાબદારં એન્જીનીયર મારફત કરાવાની માંગણી ફોરમ સમક્ષ રજુ કરેલ હતી. જેના અનુસંધાને, ફોરમ કમિટી તરફથી કરાયેલ આદેશ મુજબ, કાર્યપાલક ઈજનેર શ્રી, શહેર વિભાગીય કચેરી નં.–૩ રાજકોટ તરફથી, ફરી એક વખત, અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ, સદર ટ્રાન્સફોર્મર વાળી જગ્યા ની સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને, સ્થળ ચકાસણી કરવામા આવેલ હતી. તેમજ, આ સમયે, સવાલવાળા ટ્રાન્સફોર્મર ની હૈયાતી ની જગ્યા, તેમજ ફરીયાદી અરજદાર શ્રી ના ઘર/ દરવાજા ની જગ્યા ના, જુદા જુદા એંગલ થી, ફોટો ગ્રાફ લેવાયેલ હતા.સદર ટ્રાન્સફોર્મર, જે ફરીયાદી અરજદાર શ્રી ના ઘરના દરવાજા ની બરોબર સામે ઉભેલ છે. પરંતુ, ઘરને / ઘરના દરવાજા ને / ઘર ની દિવાલ ને / તેમજ, અરજદાર શ્રી ની મીલ્કત ને, બીલકુલ અડકીને – ઘરને / દરવાજા ને / મીલ્કત ને નડતરરૂપ થાય – તે મુજબ ઉભેલ નથી." પરંતુ, સદર ટ્રાન્સફોર્મર, જે ફરીયાદી અરજદાર શ્રી ના ઘરના દરવાજા ની બીલકુલ સામે, એટલેકે ઘરના દરવાજા થી ૨૫ ફુટ દુરના અંતરે જ – એટલેકે ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવાળી – ૩૦ ફુટ પહોળાઈ વાળી શેરીમા– ઘરના દરવાજા ની બીલકુલ વિરૂઘ્ધ દિશામા – એટલેકે ઘરની બીલકુલ સામે ની સાઈડ મા – સામે ની સાઈડ ની દિવાલ થી ૦૫ ફુટ ના અંતરે જ આવેલ હૈયાત ૧૧ કેવી લાઈન ની નીચે ઉભેલ છે. એ જોતા, ફરીયાદી અરજદાર શ્રી ના મકાન / દરવાજા / મીલ્કત ને, સદર સવાલવાળુ ટ્રાન્સફોર્મર બીલકુલ નડતરરૂપ નથી. તે બાબત ની તાંત્રીક પૂર્તતાઓ, જે અગાઉ ની સ્થળ ચકાસણી સમયે, સબંધક પેટા વિભાગીય કચેરી ના, જવાબદાર વડા ને જણાયેલ હતી. તે બાબત ને યોગ્ય હોવાનુ સમર્થન મળેલ છે. |
| ૨.૩ | તદ ઉપરાંત, સદર સ્થળ ચકાસણી દરમ્યાન, સબંધક કચેરી ના કાર્યપાલક ઈજનેર ના જણાવ્યા મુજબ, '' સદર ટ્રાન્સફોર્મર '' જેની, કુલ ૦૨ એલટી સર્કિટ છે. અને તે ૦૨ એલટી સર્કિટ અન્વયે સેન્ટર મા જ ઉભેલ હોવાનુ જણાયેલ છે.આમ, સદર ટ્રાન્સફોર્મર જે, સદર વિસ્તારના, સદર ટ્રાન્સફોર્મર પર ના હૈયાત વીજભાર ની વચ્ચે જ ( તાંત્રીક દ્રષ્ટીએ લોડ સેન્ટર મા જ ) ઉભેલ હોવાની બાબત પણ જણાયેલ છે. |
| ૨.૪ | વિશેષમા, ફરીયાદી અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ, સવાલવાળુ ટ્રાન્સફોર્મર, જે હૈયાત જગ્યા પર, જે શેરી મા ઉભેલ છે. તે શેરી મા જ, સદર ટ્રાન્સફોર્મર ની એક એલટી સર્કિટ, જે ટ્રાન્સફોર્મર થી આશરે ૩૦૦ ફુટ દુર ના અંતરે પુરી થાય છે. જો, સવાલવાળા ટ્રાન્સફોર્મર ને, હાલ ની જગ્યાએથી ખસેડી અને, આજ શેરી ના, આ જ ટ્રાન્સફોર્મર ની એલટી સર્કિટ ના છેડા પર જો ખસેડવામા આવે, તો '' સદર ટ્રાન્સફોર્મર પર હૈયાત વીજભાર – અનબેલેન્સ'' ( લોડ કેન્ટીલીવર – એટલેકે એક તરફ થઈ જાય તેમ ) થતો હોવાની બાબત પણ અધિકારી ને જણાયેલ છે. આ મુજબ, સદર ટ્રાન્સફોર્મર ખસેડવાની બાબત પણ તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ નથી. આમ, સવાલવાળુ ટ્રાન્સફોર્મર, જે ફરીયાદી અરજદાર શ્રી ને બીલકુલ નડતરરૂપ નથી.તે બાબત સ્વયં સ્પષ્ટ થયેલ છે. તદ ઉપરાંત, ટ્રાન્સફોર્મર શીફટીગ કરવાની બાબત પણ તાંત્રીક રીતે શકય નથી. તે બાબત પણ સ્પષ્ટ થયેલ છે. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ના સ્વખર્ચે સદર ટ્રાન્સફોર્મર શીફટીગ કરવાની માંગણી, જે પીજીવીસીએલ માટે તાંત્રીક દ્રષ્ટીએ શકય અને યોગ્ય ન હોય, સ્વીકારવા યોગ્ય નથી. |

**મુદદા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક નાનામૌવા રોડ પેટા વિભાગીય કચેરી કક્ષાએથી, પ્રથમ વખત, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે કરાયેલ સ્થળ ચકાસણી દરમ્યાન, સદર ટ્રાન્સફોર્મર, જે ફરીયાદી અરજદાર શ્રી ના મકાન / દરવાજા / મીલ્કત થી આશરે ૨૫ ફુટ દુર ના અંતરે, એટલેકે ફરીયાદી અરજદાર શ્રી ની મીલ્કત ની બરાબર સામે, શેરી ના સામે ના છેડે ઉભેલ હોય, જેથી ફરીયાદી અરજદાર શ્રી ને સદર ટ્રાન્સફોર્મર નડતરરૂપ ન હોવાની બાબત, સ્પષ્ટ થયેલ છે. |
| ૩.૨ | તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુખ્ય માંગણી ના અનુસંધાને, સદર જગ્યા ની, ફરી વખત ઉચ્ચ કક્ષાએથી ચકાસણી કરવા બાબત ને વિનંતી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર જગ્યા ની ફરી એક વખત ચકાસણી, જે કાર્યપાલક ઈજનેર મારફત થયેલ હતી. સદર ફેર ચકાસણી દરમ્યાન પણ, સદર ટ્રાન્સફોર્મર, જે અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ, હાલ ની જગ્યાએથી ખસેડી અને, આજ શેરી ના, આ જ ટ્રાન્સફોર્મર ની એલટી સર્કિટ ના છેડા પર જો ખસેડવામા આવે, તો '' સદર ટ્રાન્સફોર્મર પર હૈયાત વીજભાર – અનબેલેન્સ'' ( લોડ કેન્ટીલીવર – એટલેકે એક તરફ થઈ જાય તેમ ) થતો હોવાની બાબત પણ, પીજીવીસીએલ ના સબંધક અધિકારી તરફથી, ફોરમ સમક્ષ મુદદા નં. ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે સ્પષ્ટ થયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે મળેલ અભિપ્રાય મુજબ સદર ટ્રાન્સફોર્મર ખસેડવાની બાબત પણ તાંત્રીક રીતે પણ યોગ્ય જણાયેલ નથી. આમ, સવાલવાળુ ટ્રાન્સફોર્મર, જે ફરીયાદી અરજદાર શ્રી ને બીલકુલ નડતરરૂપ નથી. તદ ઉપરાંત, સદર ટ્રાન્સફોર્મર શીફટીંગ કરવાની બાબત પણ તાંત્રીક રીતે પીજીવીસીએલ ને યોગ્ય જણાયેલ નથી. |
| ૩.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે, તે વિગતો / બાબતો ને ફોરમ કમિટી એ માન્ય રાખેલ છે. જે જોતા, ફરીયાદી અરજદાર શ્રી ના સ્વખર્ચે સદર ટ્રાન્સફોર્મર શીફટીંગ કરવાની માંગણી, જે પીજીવીસીએલ માટે તાંત્રીક દ્રષ્ટીએ શકય અને યોગ્ય ન હોવાના કારણોસર, જે અગાઉ પીજીવીસીએલ કક્ષાએથી સ્વીકારવા યોગ્ય ન હતી. પીજીવીસીએલ પક્ષકાર ની સદર કાર્યવાહી, ફોરમ કમિટી નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ઠેરવે છે. આમ,સદર ટ્રાન્સફોર્મર ખસેડવાની બાબત, જે તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ ન હોય, તેમજ ફરીયાદી અરજદાર શ્રી ને બીલકુલ નડતરરૂપ ન હોય, જેથી સદર ટ્રાન્સફોર્મર ને ફરીયાદી અરજદાર શ્રી ના સ્વખર્ચે શીફટીંગ આપવાની કરાયેલ ફોરમ કમિટી દ્વારા માન્ય રહેલ નથી. સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ ની જાણકારી આપવાનો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.—૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, તેમજ મુદદા નં. ૩.૨ ને આનુષાંગીક રહીને, ફરીયાદી અરજદાર શ્રી ને, મુદદા નં.૩.૩ મુજબ ની વિગતે ની જાણકારી આપવાનો હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..